પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૨૯ | ૩૦ ઓક્ટોબર, ૨૦૧૭, સોમવાર ; કારતક સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સરહદે નજર રાખવા માટે ભારત નવા ઉપકરણ ખરીદશે

ભારતીય સેનાના થલ સેના પ્રમુખ બિપીન રાવતે માહિતી આપી છે કે 'ચીન અને પાકિસ્તાન સાથે સાથે જોડાયેલી ભારતીય સીમા પર પહેરેદારી મજબૂત કરવા માટે નવા ઉપકરણ ખરીદવામાં આવશે.

### કાશ્મીરમાં લશ્કર એ તોયબાના ૨ આતંકીને ઠાર

કાશ્મીરના બાંદીપોરામાં આવેલ હાજિનમાં સુરક્ષાદળો અને આતંકી વચ્ચેની અથડામણમાં લશ્કર એ તોયબાના બે આતંકીનો ખાતમો બોલાયો છે જે દરમિયાન એક પોલીસ કોન્સટેબલ પણ શહીદ થયા છે.

### મ.પ્રદેશમાં નમામિ દેવી નર્મદે સેવા યાત્રામાં થતી આરતીમાં કૌભાંડ...!

મધ્યપ્રદેશમાં ભારતીય જનતા પાર્ટીની શિવરાજ સિંહ ચૌહાણની સરકાર પર એક મોટો આરોપ મૂકવામાં આવી રહ્યો છે. મધ્યપ્રદેશમાં નર્મદા નદીને પ્રદૂષણમુક્ત બનાવવા માટે કાઢવામાં આવેલી 'નમામિ દેવી નર્મદે સેવા યાત્રા'માં નિયમિત રીતે સવારે અને સાંજે નર્મદા નદીના તટ પર આરતી કરવામાં આવી હતી. આ આરતીમાં મોટા ઘોટાળાની ગંધ આવી રહી છે.

# હું દેશને બરબાદ નહીં થવા દઉં : નરેન્દ્ર મોદી

**કર્ણાટકમાં મોદીએ કોંગ્રેસ પર પ્રહાર કર્યા, કયો પંજો ૧ રૂપિયાને ૧૫ પૈસામાં ફેરવે છે? : કોંગ્રેસના નેતાઓ કાશ્મીર પર શરમજનક નિવેદનો આપી રહ્યાં છે, અમે અમારા માટે જીવવાનું નથી શીખ્યું અમે નાનપણથી જ બીજા માટે જીવન જીવતા શીખી રહ્યાં છીએ**



મેંગ્લોર,તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રવિવારે એક દિવસની મુલાકાત અંતર્ગત કર્ણાટક પહોંચ્યા છે. મેંગલોર એરપોર્ટ પર પીએમ મોદીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ યાત્રાનો શુભારંભ મંજૂનાથ સ્વામી મંદિરમાં માથું નમાવીને કરી હતી. મંદિરના પૂજારીએ પીએમનું સ્વાગત કર્યું. ઉજીરમાં શ્રી ક્ષેત્ર ધર્મસ્થળ ગ્રામીણ વિકાસ પરિયોજનામાં લાભાર્થીઓને ઈંટ્રુઅ કાર્ડ આપ્યાં હતા. આ પ્રસંગે તેઓએ કેશલેસની વાત કરી હતી તેમજ કોંગ્રેસના પ્રહારનો જવાબ આપ્યો હતો અને કહ્યું હતું કે એવો કયો પંજો છે જે રૂપિયાને ૧૫ પૈસામાં બદલે છે. પીએમએ કહ્યું કે,''તેઓ દેશને માટે સંપૂર્ણ સમર્પિત છે અને તેમણે જણાવ્યું કે તેઓ પોતે રહે કે ના રહે પરંતુ તેઓ દેશને બરબાદ નહીં થવા દે.

મોદીએ કોંગ્રેસ પર હુમલો કરતાં કહ્યું કે, ''એક નેતાએ કહ્યુ હતું કે દિલ્હીથી એક રૂપિયો ચાલે છે જે જનતા સુધી પહોંચતા ૧૫ પૈસા થઈ જાય છે. કોંગ્રેસનું નામ લિધા વગર પીએમ મોદીએ કહ્યું કે, ''તે કયો

● અનુસંધાન પાન-૬ પર

# કાશ્મીરમાં ૫.૭ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ

**ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ ખાતે ભૂગર્ભમાં હોવાથી નુકસાન ટળ્યું : અફઘાન-પાકમાં પણ આંચકાઓ**

શ્રીનગર, તા. ૨૯

કાશ્મીરમાં શનિવારે મોડી રાત્રે રિક્ટર સ્કેલ પર ૫.૭ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપના કારણે ખળભળાટ મચી ગયો હતો. લોકોમાં દહેશત પણ ફેલાઈ ગઈ હતી. ભૂકંપના કારણે જાનમાલના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી પરંતુ હવામાન વિભાગના કહેવા મુજબ શનિવારે મોડી રાત્રે ૧૧.૧૫ વાગ્યાની આસપાસ રિક્ટર સ્કેલ ઉપર ૫.૭ની તીવ્રતાના પ્રચંડ ભૂકંપના આંચકાના કારણે દહેશત ફેલાઈ ગઈ હતી. ભૂકંપનું કેન્દ્ર અફઘાનિસ્તાનના હિન્દુકુશ વિસ્તારમાં ૧૦૦ કિલોમીટરની ભૂગર્ભ સપાટીમાં રહ્યું હતું. ઉત્તર પાકિસ્તાનમાં પણ આંચકાઓ અનુભવાયા હતા. પાકિસ્તાનમાં ભૂકંપ સંબંધિત વિભાગના અધિકારીઓનું કહેવું છે કે, આની તીવ્રતા ૫.૯ આંકવામાં આવી હતી. ભૂકંપના આંચકા ઉત્તરમાં અફગાનિસ્તાન સરહદે આદિવાસી વિસ્તારો અને પૂર્વીય પ્રાંત પંજાબના લાહોરથી લઈને આસપાસના અન્ય વિસ્તારોમાં અનુભવ કરવામાં આવ્યા હતા. કાશ્મીર અને ઉત્તરીય પાકિસ્તાન ભૂકંપના સૌથી અસરગ્રસ્ત વિસ્તારો પૈકીના એક તરીકે છે. વર્ષ ૨૦૦૫માં આવેલા ભીષણ ભૂકંપમાં ઉત્તરીય પાકિસ્તાન તથા પાક કબજા હેઠળના કાશ્મીરમાં વ્યાપક નુકસાન થયું હતું. ૭૦૦૦૦થી વધુ લોકોના મોત થયા હતા. મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, ભારતના જુદા જુદા ભાગોમાં હાલના સમયમાં આંચકાઓ આવતા રહ્યા છે. ૨૭મી ઓક્ટોબરના દિવસે હિમાચલપ્રદેશમાં સવારે ભૂકંપના આંચકાના કારણે વ્યાપક દહેશત ફેલાઈ ગઈ હતી. લોકો ઘરની બહાર દોડી ગયા હતા.

# અમદાવાદ સિવિલમાં વધુ બે બાળકના મોત

**એક સપ્તાહમાં રિપોર્ટ આપવા ગુજરાત સરકારનો સ્પષ્ટ આદેશ : છેલ્લા ૪ દિવસમાં ૨૦ માસુમ બાળકોના મોતથી ભારે સનસનાટી : તપાસ કમિટિની રચના કરાઈ : વિજય રૂપાણી તેમજ અન્યો હોસ્પિટલમાં પહોંચ્યા**

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરના અસારવા વિસ્તારમા આવેલી રાજય સરકાર હસ્તકની સિવિલ હોસ્પિટલમાં આજે વધુ બે બાળકોના મોત થતાં છેલ્લા ચાર દિવસમાં મોતનો આંકડો વધીને ૨૦ ઉપર પહોંચી જતાં સનસનાટી મચી ગઈ હતી. બીજી બાજુ આ મામલે હચમચી ઉઠેલી સરકારે તરત જ તપાસના આદેશ આપી દીધા છે. આ કમિટિ એક સપ્તાહની અંદર તપાસ રિપોર્ટ સોંપશે. કમિટિમાં ડેપ્યુટી ડાયરેક્ટર દિક્ષીત ઉપરાંત એક પિડિયાટ્રિશયન અને એક ગાયનેકોલોજિસ્ટનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. કમિટિના સભ્યો નવજાત શિશુઓના મોતના કારણો અને કઈ સ્થિતિમાં બાળકોના મોત થયા છે તે અંગેના કારણોની તપાસ કરી સરકાર સમક્ષ તેનો અહેવાલ રજૂ કરશે. આ અંગેની વિગત એવી છે કે, સિવિલ હોસ્પિટલમાં ૨૪ કલાકની અંદર નવ જેટલા બાળકોના થયેલા મોતના અહેવાલના પગલે

● અનુસંધાન પાન-૬ પર

# કોહલીની વિરાટ સિદ્ધિ

**૧૯૪ ઇનિંગ્સમાં સૌથી ઝડપી ૯૦૦૦ રનની સિદ્ધિ**

કાનપુર, તા. ૨૯

ન્યુઝીલેન્ડની સામે ગ્રીન પાર્ક મેદાન ઉપર આજે રમાયેલી ત્રીજી અને અંતિમ વનડે મેચમાં કેપ્ટન વિરાટ કોહલીએ પોતાની કેરિયરની ૩૨મી સદી ફટકારી હતી. આની સાથે જ ક્રિકેટના અનેક નવા રેકોર્ડ પોતાના નામે કર્યા હતા. કેરિયરની ૨૦૨મી વનડે રમતા ૯૦૦૦ રનની સિદ્ધિ હાસલ કરી લીધી હતી. કેપ્ટન તરીકે સૌથી ઝડપી ૫૦૦૦ રન બનાવનાર ખેલાડી તરીકે પણ કોહલી ઉભરી આવ્યો હતો.

● અનુસંધાન પાન-૬ પર

# ૨૦૧૯થી કારમાં સ્પીડ એલર્ટ સિસ્ટમ, સેન્સર્સ જરૂરી બનશે


નવીદિલ્હી, તા. ૨૯

જુલાઈ ૨૦૧૯થી બનનારના તમામ કારમાં એરબેગ્સ, સીટબેલ્ટ રિમાન્ડર્સ, ૮૦ કિલોમીટર પ્રતિકલાકથી વધારે સ્પીડ પર એલર્ટ કરનાર સ્પીડ વોર્નિંગ સિસ્ટમ, રિવર્સ પાર્કિંગ એલર્ટ, મેન્યુઅલ ઓવરાઈડ સિસ્ટમ જેવી સુવિધા ફરજિયાત થઈ જશે. માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા આને મંજુરી આપી દેવામાં આવી છે. હાલમાં મોંઘી અને લકઝરી કારમાં જ સુરક્ષા સંબંધિત આ પ્રકારના માપદંડનો ઉપયોગ થઈ રહ્યો છે.

માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ ભારતમાં થનાર માર્ગ અકસ્માતોને ઘટાડવાના હેતુસર આ નિર્ણય કર્યો છે. અત્રે નોંધનીય છે કે, વર્ષ ૨૦૧૬માં ભારતમાં મૃત્યુ પામનાર પ્રતિ ૧.૫ લાખ લોકો પૈકી આશરે ૭૪૦૦૦ લોકો માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામ્યા હતા. તેમની લાઈફ ઓવર સ્પીડીંગના સકંજામાં આવી ગઈ હતી. પરિવહન મંત્રાલયના સુત્રોએ કહ્યું છે કે, નવી કારમાં એવી વ્યવસ્થા ફિટ કરી દેવામાં આવશે જે સ્પીડ ૮૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપથી ઉપર પહોંચ્યા બાદ ઓડિયો એલર્ટ કરશે. સ્પીડ ૧૦૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પહોંચી ગયા બાદ આ એલર્ટનો અવાજ વધુ તેજ થશે. ૧૨૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે ગાડીની ઝડપ થઈ ગયા બાદ આ એલર્ટનો અવાજ સતત વાગશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

Sanidhya
Multi speciality Hospital
હર્નિયાની શ્રેષ્ઠ સારવાર
તંદુરસ્ત જીવન ફરી એકવાર



• કોમ્પ્લિકેટેડ
• હાઈ-રિસ્ક
• રિકરન્ટ

■ ઓપન સર્જરી કરતા લેપ્રોસ્કોપીક હર્નિયા સર્જરીથી ઓછો દુઃખાવો તથા ઝડપી રીકવરી આવે છે.
■ લેપ્રોસ્કોપીક સર્જરીથી જાળીના ઈન્ફેકશન(ચેપ)નું પ્રમાણ ઘટે છે.
■ ઓપન સર્જરી કરતા લેપ્રોસ્કોપીક સર્જરીથી કામ પર તથા તમારી સામાન્ય જિંદગીમાં ઝડપથી પાછું ફરી શકાય છે.

• નિષ્ણાત ડૉક્ટર દ્વારા ફ્રી કન્સલ્ટેશન
• સર્જરી પહેલાં થતી તપાસ / રીપોર્ટ્સમાં ૩૦ થી ૪૦% ડિસ્કાઉન્ટ
• રાહત દરે દુરબીન પધ્ધતિથી સર્જરી
• દરેક પ્રકારના હર્નિયાની સારવારનો બહોળો અનુભવ
• મેડીકલેઈમ અને કેશલેસ સુવિધા ઉપલબ્ધ

હર્નિયા કેમ્પ
૦૨ થી ૦૮
નવેમ્બર ૨૦૧૭ સુધી

સાનિધ્ય
મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
રજીસ્ટ્રેશન ફી પરંતુ ફરજીયાત
+91 9081304828
બીજો માળ, સત્યમ કોમ્પલેક્ષ, પેથાપુર ચાર રસ્તા પાસે, પેથાપુર, ગાંધીનગર.
M : +91-72260 14828 / +91 78780 84828

શહેર - જિલ્લાના નાગરિકોને
નૂતન વર્ષાભિનંદન



મુકેશભાઈ કે. પટેલ
પૂર્વ પ્રમુખ,
ગાંધીનગર શહેર કોંગ્રેસ સમિતિ, ગાંધીનગર